# મહાન્ જ્યોતિર્ધર પૂ. ઉપા. શ્રી યશોવિજયજી

"વાણી **વાચક યશ** તણી કોઇ નયે ન અધૂરીજી"

આ **વાચક યશ** તે કોણ? વાચક યશ એટલે મહાન્ જ્યોતિર્ધર ઉપાધ્યાય શ્રીમદ્ **યશોવિજયજી** જેમણે સ્વરચિત "શ્રીપાળ રાસ"ની ઢાળ બારમીમાં, અને તેને અનુસરીને રચેલી નવપદજીની પૂજામાં ઉક્ત ઉલ્લેખ કર્યો છે.

આ મહાપુરુષનો જન્મ અણહિલ્લપુર પાટણની આસપાસ **કન્હોડા** ગામમાં સત્તરમાં સૈકામાં થયો હતો, તેમ અનુમાન કરી શકાય છે. તેઓ જાતે ઓસવાળ હતા. બાલ્યાવસ્થામાં તેમના પિતાશ્રીનું મૃત્યુ થયું હતું. તેમની સ્મરણશક્તિ બાલપણથી તીવ્ર હતી. તેમના માતુશ્રીને દરરોજ ગુરુની પાસે જઇને ઉપાશ્રયમાં "ભક્તામર સ્તોત્ર" સાંભળવાનો નિયમ હતો. ચોમાસામાં એક વખતે વરસાદની મોટી હેલી થવાથી તેમજ પોતાનું શરીર નરમ હોવાથી, માતાજી ગુરુ પાસે જઈ "ભક્તામર સ્તોત્ર" સાંભળી શક્યાં નહીં. એમનો નિયમ એવો હતો કે, "ભકતામર સ્તોત્ર" સાંભળ્યા સિવાય બિલકુલ અન્ન લેવું નહીં. ઉપરના કારણથી ત્રણ દિવસના ઉપવાસ થયા. ભાઇ "જશો" ની ઉંમર તે વખતે પાંચ છ વર્ષની હશે. ચોથા દિવસે જશોએ પોતાની માતાને પૂછ્યું કે "હે માતુશ્રી! તમો અન્ન કેમ લેતાં નથી? ત્યારે માતાએ કહ્યું, હે પુત્ર! હું "ભક્તામર સ્તોત્ર" સાંભળ્યા સિવાય બિલકુલ ભોજન લેતી નથી. જશાએ વિનયથી કહ્યું કે, "તમારી ઇચ્છા હોય તો હું તમોને "ભક્તામર સ્તોત્ર" સંભળાવું. માતા આશ્ચર્ય પામી બોલ્યાં કે તે તને કયાંથી આવડે? પુત્રે કહ્યું: હે માતુશ્રી! તમે મને તમારી સાથે ઉપાશ્રયમાં ગુરુ પાસે દર્શન કરવા તેડી જતાં હતાં તે વખતે હું પણ "ભક્તામર સ્તોત્ર" સાંભળતો હતો, તે મને યાદ રહી ગયું છે. માતાએ સંભળાવવાનું કહ્યાથી પુત્રે એક પણ ભૂલ સિવાય "ભકતામર સ્તોત્ર' સંભળાવ્યું. (તે જ વખતે ગુરુશ્રી **નયવિજયજી** ત્યાં પધાર્યા હતા)–આ બાલ્ય અવસ્થામાં તેમની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાદશક્તિનો નમૂનો છે; ત્યારપછી તેમણે સં. ૧૬૮૮ માં દીક્ષા લીધી. સં. ૧૭૦૮ માં ઉપાધ્યાય પદવી એમને મળી, સં. ૧૭૪૩ માં ડભોઇ (દર્ભાવતી) નગરીમાં તેઓશ્રી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

"તત્ત્વાર્થકારિકા"માં શ્રીમદ્ **ઉમાસ્વાતિ વાચકે** પ્રભુ શ્રી **વર્ધમાનસ્વામી** સંબંધમાં કહ્યું છે કે, "भावितभावो **भवेष्वनेकेषु**" અર્થાત્ જન્મ જન્માંતરના સંસ્કારો પછી તીર્થંકરપણું મળેલું છે; તેમજ "ભગવદ્ગીતા" માં પણ કહેવામાં આવ્યું છે કે, **शुचीनां श्रीमतां गेहे योगभृष्टोऽथ जायते**" અર્થાત્ પૂર્વ જન્મમાંથી યોગભ્રષ્ટ થયેલા આત્માનો જન્મ પવિત્ર કુટુંબમાં થાય છે અને એ જન્મમાં યોગમાર્ગની શરૂઆત કરે છે; તેમ ઉપાધ્યાયજી શ્રી **યશોવિજયજી** માટે પણ કહી શકાય.

એકવીશ દિવસ પર્યંત "ऐं"ના બીજથી **સરસ્વતી** દેવીનું એમણે આરાધન કર્યું હતું. એકવીશમા દિવસની રાત્રિએ સરસ્વતી દેવી સાક્ષાત્ હાજર થયાં અને તેમને વરદાન માગવા કહ્યું. શ્રી યશોવિજયજીએ જૈન શાસનના ઉદ્ધારાર્થે શાસ્ત્રો રચવામાં સહાય માગી. સરસ્વતી દેવીએ કહ્યું: "તે પ્રમાણે થાઓ!" એમ કહી દેવી અંતર્ધાન થયાં.

એમને ઉપાધ્યાય પદવી શ્રી **વિજયપ્રભસૂરિજી**એ આપી હતી. તે વખતે યતિઓમાં ચાલતા શિથિલાચારને દૂર કરવા તેમણે શ્રી સત્યવિજયજી પંન્યાસની સાથે મળી ક્રિયોદ્ધાર કર્યો હતો.

જેમ શ્રીમાન્ **હરિભદ્રસૂરિજી**એ સ્વરચિત ગ્રંથોને છેડે **"વિરહ"** શબ્દ રાખેલો હતો, તેમ શ્રીમદ્ ઉપાધ્યાયજીએ સ્વરચિત ગ્રંથની શરૂઆતમાં "ऐंद्र" શબ્દ સંકેતરૂપે રાખેલો છે.

ઉપાધ્યાયજીનો શ્રી આનંદઘનજી સાથે સમાગમ થયો હતો. આબુની યાત્રા કરી તેટલામાં શ્રી **આનંદઘનજી**ની શોધ કરતાં તેઓ મળી ગયા આનંદઘનજી કે જેઓ અધ્યાત્મયોગી હોઈ, પાછળથી એકાંત-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાસમાં રહેતા હતા; તેમના તરફના પૂજ્યભાવથી ઉપાધ્યાયજીએ "અષ્ટપદી" રચી છે. તેના નમૂના રૂપે આ પદ્ય ધ્યાનમાં લેવા જેવું છે.

"આનંદઘનકે સંગ સુજસ હી મિલે જબ,
તબ આનંદ સમ ભયો સુજસ;
પારસસંગ લોહા જો ફરસત,
કંચન હોત હી તાકે કસ."

આ રીતે તેઓશ્રી પ્રખર વિદ્વાન હોવા છતાં કેવી ગુણગ્રાહી વિભૂતિ હતા!

એમના સમકાલીન વિદ્વાન જ્યોતિર્ધરો–ઉ. શ્રી **માનવિજયજી**, પં. શ્રી **સત્યવિજયજી**, ઉપા. શ્રી **વિજયવિજયજી**, **વિજયદેવસૂરિ**, **વિજયસિંહસૂરિ** અને **વિજયપ્રભસૂરિ** વગેરે હતા.

તેઓશ્રીએ કાશીમાં વિદ્યાભ્યાસ કરેલો અને વાદમાં વિજય મેળવતાં ન્યાયવિશારદની પદવી તેમને આપવામાં આવી હતી. તેઓશ્રીના વરદ હસ્તે નિમ્ન ગ્રંથો રચાયેલા છે. કેટલાક લભ્ય છે અને કેટલાક અલભ્ય છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં બનાવેલાં "અધ્યાત્મમત પરીક્ષા, અધ્યાત્મસાર, અનેકાંત વ્યવસ્થા, તર્કપરિભાષા" વગેરે છેતાલીશ ગ્રંથો લભ્ય છે.

તેમના હાથનું શાસનપત્ર સંવત ૧૭૩૮ માં લખેલું તે **ભાવનગરથી** પ્રગટ થતાં "**આત્માનંદ પ્રકાશ**" માસિક પુ. ૧૩, અંક ૬ માં પ્રસિદ્ધ થયેલું છે. ઘોઘામાં આવ્યા ત્યારે તેમણે "સમુદ્ર અને વહાણના સંવાદ"નું કાવ્ય રચ્યું; અને તેમાં મનુષ્ય જીવનની દુર્લભતા બતાવી ભવિષ્યની પ્રજાને બોધ આપ્યો. "અધ્યાત્મમત પરીક્ષા, દિક્પટ ચોરાશી બોલ" વગેરે ગ્રંથો તેમણે દિગંબર સંપ્રદાયનાં મંતવ્યો સામે રચ્યા છે.

તેમણે ગૂર્જર ભાષામાં રચેલા "દ્રવ્યગુણપર્યાય રાસ" ઉપરથી **દિગંબર કવિ શ્રી ભોજરાજજી**એ "દ્રવ્યાનુયોગતર્કણા", નામે વિદ્વદ્ભોગ્ય ગ્રંથ સંસ્કૃતમાં બનાવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સવાસો, દોઢસો અને સાડાત્રણસો ગાથાનાં સ્તવનોમાં સ્થાનકવાસી મંતવ્યો સામે તેમ જ ષડ્દર્શનના વાદીઓ, કે જેઓ એકાંત મતવાદીઓ ગણાય છે, તેમની સામે જૈન દર્શનનો **સ્યાદ્વાદ મત** તેમણે પ્રખરપણે રજૂ કરેલો છે; તદુપરાંત "બ્રહ્મગીતા, સમાધિશતક, સમતાશતક, વીશ વીહરમાનના સ્તવનો, અમૃતવેલી સજ્ઝાય, ચાર આહારની સજ્ઝાય, પંચ પરમેષ્ઠીગીતા, સીમંધરસ્વામીનું નિશ્ચય-વ્યવહારગર્ભિત એંતાલીસ ગાથાનું સ્તવન, આઠ દૃષ્ટિની સજ્ઝાય, મૌન એકાદશીના દોઢસો કલ્યાણકોનું સ્તવન, અગિયાર અંગની સજ્ઝાય. સમ્યક્ત્વ ષટ્સ્થાનકની ચોપાઈ, અતીત, અનાગત અને વર્તમાન ચોવીશીના સ્તવનો, પદો, જિન સહસ્ત્રનામ વર્ણન, ચડતી પડતીની સજ્ઝાય" વગેરે ગ્રંથો રચી ગુર્જર સાહિત્ય સૃષ્ટિ ઉપર તેમણે મહાન ઉપકાર કર્યો છે.

જેમ તેમણે લોકભોગ્ય સાદાં સ્તવનો, જેમકે-"જગજીવન જગ વાલહો", "વિમલાચલ નિતુ વંદીએ"-વગેરે સાહિત્ય રચ્યું છે, તે રીતે "જ્ઞાનસાર" અને "અધ્યાત્મસાર" જેવા વિદ્વદ્ભોગ્ય ગહન ઉચ્ચ કોટિના ગ્રંથોની રચના પણ કરી છે. ઉપાધ્યાયજીએ કયા વિષયમાં કલમ નથી ચલાવી એ કહેવું મુશ્કેલ છે. તેમણે ન્યાયના અનેક ગ્રંથો જેવા કે-શાસ્ત્રવાર્તા સમુચ્ચય-ટીકા, નયોપદેશ, ન્યાયખંડ ખાદ્ય ન્યાયાલોક, નયરહસ્ય વગેરે રચ્યા છે. અન્ય દર્શનની માન્યતાને જૈન દર્શનમાં ઉતારવાનું તેમનું અદ્ભુત સામર્થ્ય હતું. એમની કૃતિઓ પ્રતિપાદક શૈલીની અને પ્રસંગોપાત ખંડનાત્મક શૈલીની, સમન્વયવાળી, વિશદ દૃષ્ટિવાળી, તર્ક અને ન્યાયથી ભરપૂર અને આગમોમાં ગંભીર રહસ્ય અને ચિંતનવાળી પૂરવાર થઈ છે.

દર્શન, જ્ઞાન, ચારિત્ર સાથે તપમાં પણ તેઓ સંયમી જીવનવાળા હતા. વીશસ્થાનકનું તપ તેમણે કર્યું હતું.

જે **"નવપદજી પૂજા"** ઓળીના દિવસોમાં ચાલુ હોય છે તે તેમણે બનાવી છે. શ્રી **વિનયવિજય ગણિએ** "શ્રીપાળ રાસ" સં.૧૭૩૮માં બનાવ્યો, તેમાં સાડાસાતસો ગાથા સુધી ગામ **રાંદેરમાં** રાસ રચ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી તેઓ કાળધર્મ પામ્યા; બાકીના રાસનો વિભાગ કે જેમાં નવપદજીની પૂજા આવી જાય છે, તે વિભાગ ઉપા. શ્રી **યશોવિજયજી**એ પૂર્ણ કર્યો. આ રીતે સહાધ્યાયીનું ઋણ અદા કર્યું, અને જૈન જગતના ઉપકારી બન્યા.

જેવી રીતે શ્રી **હેમચંદ્રાચાર્યજી**ના જીવનપ્રસંગોની તિથિઓ બરાબર મળી શકે છે, તેવી રીતે ઉપાધ્યાયજીના જીવનપ્રસંગોની તિથિઓ અને સાલ ચોક્કસ રીતે ઉપલબ્ધ થઈ શકતી નથી. છતાં "સુજસવેલી ભાસ" ગ્રંથ કે જે તે સમયના મુનિ શ્રી **કાન્તિવિજયજી**એ લખેલ છે, તેમાં તેઓશ્રી સં. ૧૭૪૭ માં શ્રી ઉપાધ્યાયજીએ **ડભોઈ**માં ચાતુર્માસ કરેલ છે, અને ચાતુર્માસ પછી કાળધર્મ(સ્વર્ગવાસ) પામેલ છે–એવી હકીકત જણાવે છે. તેઓશ્રીની પાદુકા સં. ૧૭૪૫ માં **ડભોઈ**માં પ્રતિષ્ઠિત થયેલી છે. વસ્તુતઃ પાદુકાનો જીર્ણોદ્ધાર પૂ મહારાજ શ્રી **વિજયધર્મસૂરિજી**ના વિદ્વાન શિષ્ય શ્રી **યશોવિજયજી** મહારાજ (જેમને માટે નજીકના ભવિષ્યમાં મંગલમય ઉપાધ્યાય પદપ્રાપ્તિ માટેની આગાહી મારી દૃષ્ટિએ લાગે છે) જેમણે મુંબઈ–ભાયખલામાં સં. ૨૦૦૭ માં સ્વ. પૂ. ઉપાધ્યાયજીની દેરીનો જીર્ણોદ્ધાર અને જીવનચરિત્ર પ્રકાશિત કરવાનો સમિતિદ્વારા નિર્ણય જાહેર કર્યો હતો. તેઓશ્રીની જ હાજરીમાં તેઓશ્રીના ગુરુવર્યો હસ્તક સં. ૨૦૦૮ માં ત્રણ દિવસના મહોત્સવપૂર્વક **ડભોઈ**માં આરસના ભવ્ય નૂતન ગુરુમંદિરમાં મૂર્તિની પ્રતિષ્ઠા તથા શ્રી **યશોવિજયજી સારસ્વતસત્ર** મહોત્સવ ઉજવાયો હતો એ આનંદદાયક બીના હતી.

ચૌદસો ચુંમાલિસ (૧૪૪૪) ગ્રંથોના કર્તા યુગપ્રધાન શ્રીમાન **હરિભદ્રસૂરિ** પછી લગભગ એક હજાર વર્ષે **યશોવિજયજી** ઉપાધ્યાય થયા છે, અને તે "લઘુ હરિભદ્ર" નામે સંબોધાય છે. સાડાત્રણ ક્રોડ શ્લોકોના રચયિતા, અઢાર દેશોમાં અહિંસાના પ્રચારક અને કુમારપાળ રાજાના પ્રતિબોધક શ્રી **હેમચંદ્રાચાર્યજી** તથા **અકબર બાદશાહ**ના પ્રતિબોધક અને ભારતવર્ષમાં અહિંસાનો ડંકો વગાડનાર શ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**હીરવિજયસૂરિ** પછી શાસનપ્રભાવક તરીકે શ્રી **યશોવિજયજી**નો અવતાર થયો; આવા જ્યોતિર્ધર મહાત્માઓથી જૈન શાસન અવિચ્છિન્ન-પણે ટકી રહ્યું છે. અમુક યુગો પછી આવા મહાત્માઓ પ્રગટ થવા જોઈએ, તેમ શ્રી મહાવીર પરમાત્માએ કહેલ છે, તે મુજબ જ જૈન શાસન એકવીશ હજાર વર્ષો પર્યંત ચાલુ રહી શકશે.

શ્રી **ઉપાધ્યાયજી**એ એકસો ગ્રંથ ઉપરાંત લગભગ બે લાખ શ્લોકોની રચના કરેલી છે. ઘણા ગ્રંથો તેમના અલભ્ય છે. "ભાષારહસ્ય" નામના સ્વરચિત ગ્રંથમાં તેમણે જ કહેલ છે કે, "રહસ્ય" પદાંકિત ૧૦૮ ગ્રંથો કરવા નિર્ણય કરેલ છે, તેમાંથી માત્ર "ભાષારહસ્ય", "ઉપદેશરહસ્ય" અને "નયરહસ્ય" મળે છે.

સ્વ. ઉપાધ્યાયજી મહારાજનું **સાહિત્યજીવન** એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમય અપાર પાંડિત્ય, બાલ બ્રહ્મચર્ય, સંયમ, તપ, ગુર્જર ભાષાસમૃદ્ધિ, વ્યવહાર અને નિશ્ચયદૃષ્ટિની સમન્વિતતા, તાર્કિકપણું, ન્યાય-ગ્રંથોનું ઉત્પાદન, નવીન ન્યાયનાં ગ્રંથોનું સર્જન, સરળમાં સરળ ગુર્જર ભાષાના સ્તવનો, કાવ્યો અને પદોવાળું તેમ જ "અધ્યાત્મસાર" અને "અધ્યાત્મોપનિષદ" જેવા ઉચ્ચકોટિના ગ્રંથોની સર્જકતાવાળું વગેરે વિવિધતાના સંમિશ્રણરૂપ **ટંકશાળી વચનમય જીવન.**

પ્રસંગોપાત કહેવાનું પ્રાપ્ત થાય છે કે, ગત વર્ષના દ્વિ. વૈશાખ માસના શ્રી કાનજીસ્વામી તરફથી સોનગઢથી બહાર પડતા "આત્મધર્મ" માસિકમાં તેમને માટે "વ્યવહાર વિમૂઢ" શબ્દ વાપરીને તેમને હલકટ રીતે ચિતરવામાં આવ્યા છે, પણ તે કેવળ લેખકનું તેઓશ્રી વિરચિત સાહિત્યના તદ્દન બિનઅનુભવપણું છે, અથવા ઈરાદાપૂર્વક દ્વેષજન્યકૃત્ય છે. તેમણે તો વ્યવહારની મુખ્યતા રાખી નિશ્ચયદૃષ્ટિની ગૌણતા, આપણા જેવા ભરતક્ષેત્રના માનવીઓ માટે સપ્તમગુણસ્થાનક સુધી મર્યાદારૂપે બતાવી છે. કેવલી ભગવંતને પણ તેરમા ગુણસ્થાનકમાં વ્યવહાર સાચવવો પડે છે; તેથી જ તીર્થંકર પરમાત્માઓ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે, એ સુપ્રસિદ્ધ છે. નવકારનાં પદોમાં પ્રથમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અરિહંત પદ** તે વ્યવહાર અને બીજું **સિદ્ધ પદ** તે નિશ્ચય છે અરિહંત પરમાત્મા વગર અરૂપી સિદ્ધપદની ઓળખાણ કોણ આપી શકે? એ વિષે ઉપાધ્યાયજી મહારાજે સ્વયં કહ્યું છે કે—

"નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાલે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર."

આ મહાન જ્યોતિર્ધર કે જેઓ પૂર્વ જન્મનો અદ્‌ભુત ક્ષયોપશમ લઇને અવતર્યા હતા, તેઓ ષડ્‌દર્શનવેત્તા, સેંકડો ગ્રંથોના રચયિતા, ન્યાય, વ્યાકરણ, છંદ, સાહિત્ય, અલંકાર, કાવ્ય, તર્ક, સિદ્ધાંત, આગમ, નય, પ્રમાણ, સપ્તભંગી, અધ્યાત્મ, યોગ, સ્યાદ્વાદ, આચાર, તત્ત્વજ્ઞાન ઇત્યાદિ વિષયો ઉપર વિદ્વદ્‌ભોગ્ય, તથા સામાન્ય જનતા માટે ગુજરાતી વગેરે લોકભાષામાં વિપુલ સાહિત્યનો રસથાળ ધરી ગયા. નવ્ય ન્યાયના આદ્ય જૈન વિદ્વાન, ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ આદિ બિરુદોને પ્રાપ્ત કરનાર **યુગ-જ્યોતિર્ધરને આપણા અનેકશઃ વંદન હો.**

"ઉપમિતિભવપ્રપંચાકથા" કે જે સોળ હજાર શ્લોકમય સંસ્કૃત ગ્રંથ છે, તેમાંથી સાર ખેંચી ગુર્જર ભાષામાં શ્રી **વિમળનાથ**ના સ્તવનમાં એમણે—

"તત્ત્વ પ્રીતિકર પાણી પાએ, વિમલા લોકે આંજીજી;
લોયણ ગુરુ પરમાન્ન દીયે તવ, ભ્રમ નાખે સવિ ભાંજીજી."

**ધર્મબોધકર** પાકશાસ્ત્રી(ગુરુ)થી પ્રાપ્ત કરેલું **સમ્યગ્‌દર્શનરૂપ** તત્ત્વ પ્રીતિકર પાણી, **સદ્‌જ્ઞાનદૃષ્ટિરૂપ** નિર્મળ અંજન અને **સચ્ચારિત્રરૂપ** પરમાન્ન(ક્ષીર)નું સ્વરૂપ લોકભાષામાં ખડું કર્યું છે; તેમ જ શ્રી **સુવિધિનાથ**ના સ્તવનમાં—

'મૂળ ઊર્ધ્વ તરૂઅર અધ શાખા રે,
છંદ પુરાણે એવી છે ભાષા રે;
અચરિજવાળે અચરિજ કીધું રે.
ભકતે સેવક કારજ સીધું રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ હકીકત "શ્રી **ભગવદ્ગીતા**"માં કહેલ શ્લોક સાથે કેટલીક રીતે મેળ ખાય છે.

**"उर्ध्वमूलमधः शाखं, अश्वत्थं प्राहुरव्ययं ॥**
**छन्दांसि यस्य पत्राणि, यस्तं वेद स वेदवित् ॥"**

આ શ્લોકના રહસ્યને આશ્ચર્ય તરીકે ઘટાવી પ્રભુ ભક્તિ માટે લોકભાષામાં સમન્વય કર્યો છે.

દોઢસો અને સાડાત્રણસો ગાથાના સ્તવનોમાં નિશ્ચય નય અને વ્યવહાર નયથી ભરપૂર ઉપદેશો છે. એમાં અપૂર્વ યુક્તિઓથી **મૂર્તિપૂજા** સિદ્ધ કરી છે. છેવટે કહ્યું છે કે–

"મુજ હોજો ચિત્ત શુભ ભાવથી. ભવભવ તાહરી સેવ રે;
યાચીએ કોડી યત્ને કરી. એહ તુજ આગળે દેવ રે;
તુજ વચન રાગ સુખ આગળે. નવિ ગણું સુરનર શર્મ રે;
કોડી જો કપટ કોઈ દાખવે, નવિ તજું તોએ તુજ ધર્મ રે."

આ છે તેમનો અદ્ભુત શાસનરાગ અને અલૌકિક પ્રભુ ભક્તિ.

**આનંદસૂરિ** ગચ્છના શ્રી **વિજયાનંદસૂરિજી**એ સત્તરમા સૈકામાં રચેલો "ધર્મસંગ્રહ" ગ્રંથ કે જેની ટીકા મહોપાધ્યાય શ્રી **માનવિજય** ગણીએ કરી છે તે ગ્રંથનું સંશોધન ઉપાધ્યાયજી મહારાજે કરેલ છે; તેનો તાજેતરમાં જ ભાષાંતર સાથેનો પ્રથમ વિભાગ પ્રકાશિત થયો છે.

સં. ૧૭૩૯ માં "શ્રી જંબૂસ્વામી રાસ" તેમણે ખંભાતમાં રચેલ. તે તેમના પોતાના હાથના અક્ષરોવાળા પાનાંઓ સાથેનો મળે છે.

આ રીતે તેઓશ્રી ભક્તિપરાયણ, જ્ઞાનપરાયણ, સંયમી અને તપ-પરાયણ સાહિત્યજીવન જીવી ગયા છે, અને આપણા માટે વિવિધ સાહિત્યની વાનગીઓથી ભરપૂર વારસો મૂકી ગયા છે, જેથી શાસનની પ્રભાવનાનું નિમિત્ત બની પોતાના આત્મા ઉપર તેમ જ ભવિષ્યની પ્રજા ઉપર મહાન ઉપકાર કરી ગયા છે. આવા મહાત્માઓ પોતાની જીવનલીલા સંકેલીને સ્વર્ગે સંચર્યા. શ્રી **ભર્તૃહરિજી**ના શબ્દોમાં કહીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો આવી મહાન વિભૂતિઓ "अलंकरण भुवः પૃથ્વીના અલંકારરૂપ" છે. તેમ જ કવિ **ભવભૂતિ**ના શબ્દોમાં "जयति तेऽधिकं जन्मना जगत्– હે મહાત્મન્! તમારા જન્મથી આ જગત્ જયવંત વર્તે છે." એટલું કહી ઉપસંહારમાં તેમણે જ રચેલા **"જ્ઞાનસાર"** ગ્રંથનો અંતિમ–સર્વ નયોના આશ્રયવાળો સ્તુતિ–શ્લોક તથા આત્મજાગૃતિ માટે તેમણે રચેલી "અમૃતવેલી સજ્ઝાય"ની વાનગીરૂપ એક કાવ્ય સાદર રજૂ કરી વિરમું છું.

**अमूढलक्ष्याः सर्वत्र, पक्षपातविवर्जिताः ।**
**जयन्ति परमानन्दमयाः सर्वनयाश्रयाः ॥"**

"નિશ્ચય નય અને વ્યવહાર નયમાં જ્ઞાનપક્ષ અને ક્રિયાપક્ષમાં, એક પક્ષગત–ભ્રાંતિ તજીને સર્વ નયોના આશ્રય કરનારા પરમ આનંદથી ભરપૂર (મહાપુરૂષો) જયવંત વર્તે છે."

"ચેતન જ્ઞાન અજુવાળીએ, ટાળીએ મોહ સંતાપ રે;
ચિત્ત ડમડોલતું વાળીએ, પાળીએ સહજ ગુણ આપ રે."

**શ્રી યશોવિજય સ્મૃતિ ગ્રંથ–વિ૦ સં૦ ૨૦૧૩**

---

**आत्माऽऽहारश्चिदानंदो देहाऽऽहारश्च पुद्गलम् ।**
**चित्ताहारो विचारश्च वाण्याहारः सुभाषणम् ॥**

"આત્માનો આહાર જ્ઞાનનો આનંદ, શરીરનો આહાર પુદ્ગલો, મનનો આહાર વિચાર અને વાણીનો આહાર મધુર વચનો છે."

**—આધ્યાત્મગીતા, શ્લો. ૩૪૫**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org